For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

# ભાજપે ફોર્મ-7 મારફતે મતચોરી કરાવી!

## વડોદરા શહેરમાં 46,266 વાંધા અરજીઓ : શહેર કોંગ્રેસ પ્રમુખનો ગંભીર આરોપ, કલેક્ટરની નિષ્ક્રિયતા સામે સવાલ

(પ્રતિનિધિ) વડોદરા તા.8

વડોદરા શહેરમાં ચાલી રહેલી મતદાર યાદી સુધારણા (SIR) પ્રક્રિયા દરમિયાન Form-7નો વ્યાપક દુરુપયોગ કરીને સુયોજિત રીતે મતચોરી કરવામાં આવી રહી હોવાનો ગંભીર આક્ષેપ વડોદરા શહેર કોંગ્રેસ પ્રમુખ ઋત્વિજ જોશીએ કર્યો છે. તેમણે આરોપ લગાવ્યો કે ભાજપના કોર્પોરેટરો, કાર્યકરો, આરએસએસ તથા સંગઠિત તત્વોની સાઠગાંઠથી હજારો સાચા મતદારોના નામ કાપવાની પૂર્વનિયોજિત સાજિશ ચાલી રહી છે, જે લોકશાહી પર સીધો હુમલો છે. શહેર કોંગ્રેસ દ્વારા આજે “ઓપરેશન સરકાર ચોરી” શીર્ષક હેઠળ યોજાયેલી પ્રેસ કોન્ફરન્સમાં SIR પ્રક્રિયામાં Form-7 ભરીને ભાજપના નેતાઓ અને કોર્પોરેટરો દ્વારા મતદારોના નામ ઘટાડવાનું ષડયંત્ર રચાયુ હોવાના દસ્તાવેજી પુરાવા રજૂ કરવામાં આવ્યા. જેમાં ભાજપના કોર્પોરેટર અજીત દધીચ દ્વારા 122 વાંધા ઉઠાવ્યા હોવાનો ખુલાસો કરવામાં આવ્યો હતો.

### પાંચ વિધાનસભામાં 46,266 Form-7 અરજીઓ

ઋત્વિજ જોશીએ જણાવ્યું કે વડોદરા શહેરની પાંચ વિધાનસભા વિસ્તારોમાં Form-7 હેઠળ કુલ અંદાજે 46,266 અરજીઓ દાખલ કરવામાં આવી છે, જે સામાન્ય પ્રક્રિયા નહીં પરંતુ ભાજપ અને ચૂંટણી પંચના મેળાપીપણાની સ્પષ્ટ નિશાની છે. વિસ્તારવાર આંકડા નીચે મુજબ છે :

| | |
|---|---|
| 141 વડોદરા સિટી | 4,569 |
| 142 સયાજીગંજ | 8,195 |
| 143 અકોટા | 13,188 |
| 144 રાવપુરા | 19,045 |
| 145 મંજલપુર | 1,269 |
| Form-7 કુલ અરજીઓ | 46,266 |




### એક વ્યક્તિ - અનેક EPIC : લોકશાહીની મજાક

તપાસ દરમિયાન ચોંકાવનારી હકીકત સામે આવી છે કે એક જ વ્યક્તિ પાસે અનેક EPIC (મતદાર ઓળખપત્ર) હોવા છતાં તેની અરજીઓ સ્વીકારવામાં આવી છે, જે ગંભીર તપાસનો વિષય છે.

***દેવેશ પટેલ પાસે 25 અલગ-અલગ EPIC નંબર***

***C.N. મચ્છી પાસે 20 EPIC નંબર***

***અન્ય અનેક લોકો પાસે 2 થી 4 EPIC***

એક જ વ્યક્તિ દ્વારા ખોટા EPIC પરથી એકથી વધુ વાંધા અરજીઓ અપાઈ હોવા છતાં જિલ્લા ચૂંટણી અધિકારી દ્વારા તે સ્વીકારવામાં આવી હોવાનો આરોપ લગાવવામાં આવ્યો.

### વાંધા ઉઠાવનાર અગ્રણીઓ (નામવાર)

| નામ | વાંધા |
|---|---|
| **રાવપુરા વિધાનસભા** | |
| વિજય (પૂર્વ કાઉન્સિલર) - EPIC AHZ3128246 | 46 વાંધા |
| મિનેશ શાહ (પૂર્વ કાઉન્સિલર) - EPIC AHZ1325117 | 444 વાંધા |
| આદિત્ય પટેલ (શિક્ષણ સમિતિ ચેરમેન) | 30 વાંધા |
| **વડોદરા સિટી** | |
| અજીત દધીચ (કોર્પોરેટર, વોર્ડ-4) - EPIC XBT2666774 | 122 વાંધા |
| **અકોટા વિધાનસભા** | |
| જાગૃતિબેન કાકા (કોર્પોરેટર ભાજપ) | 81 |
| અક્ષય પટેલ (વોર્ડ-10 પ્રમુખ ભાજપ) | 58 |
| બ્રિજેશ કાપડિયા (મહામંત્રી ભાજપ) | 217 |
| મમતાબેન વ્યાસ (ઉપાધ્યક્ષ વોર્ડ-10) | 228 |
| મેહુલ પટેલ (ભાજપ કાર્યકર્તા) | 183 |
| રાધિકા પટેલ (ભાજપ કાર્યકર્તા) | 14 |
| જ્યોતિબેન પટેલ (કોર્પોરેટર) | 173 |
| નલિન હમરભાઈ પટેલ (કોર્પોરેટર) | 84 |
| નિતીન ઠાકોરભાઈ પટેલ (પૂર્વ કોર્પોરેટર) | 9 |

### વડોદરા સિટી બેઠકમાં Form-7નો દુરુપયોગ

વડોદરા સિટી વિધાનસભામાં **કુલ 4,569 વાંધા અરજીઓ** નોંધાઈ છે, જેમાં :

**કુલ એપ્લિકન્ટ - 152**
**એક એપ્લિકન્ટ અને મલ્ટીપલ EPIC - 14**
**ઈનવેલીડ EPIC નંબર - 83**

વોર્ડ નં. 4ના ભાજપ કોર્પોરેટર **અજીત દધીચ દ્વારા 122 ખોટા વાંધા ઉઠાવવામાં આવ્યા** હોવાનું પુરાવા સાથે રજૂ કરવામાં આવ્યું

### રાજદ્રોહનો ગુનો દાખલ કરવાની માંગ

ઋત્વિજ જોશીએ જણાવ્યું કે SIR પ્રક્રિયામાં ષડયંત્ર રચીને ભાજપ અને ચૂંટણી પંચના મેળાપીપણાથી સાચા મતદારોના નામ ડીલીટ કરીને કોંગ્રેસને હરાવવાનો પ્રયાસ થયો છે. આ મામલે વડોદરા જિલ્લા ચૂંટણી અધિકારીને 10 થી 12 વખત રજૂઆત છતાં કોઈ કાર્યવાહી કરવામાં આવી નથી. તેમણે ખુલ્લો પડકાર આપતાં જણાવ્યું કે, “અમે આપેલા પુરાવા ખોટા સાબિત કરી બતાવો.” નિયમ મુજબ એક વર્ષની સજા અને એક લાખ રૂપિયાના દંડની જોગવાઈ હોવા છતાં કાર્યવાહી ન થતાં કોંગ્રેસ દ્વારા આંદોલન અને રેલી કરવાની જાહેરાત કરવામાં આવી છે.

---

પાલિકા હસ્તકના ગાર્ડનમાં બાંધકામ અને વૃક્ષોને નુકસાન કરાતા પગલાં લેવાયા

# સમાની સરસ્વતી વિદ્યાલયને પ્લોટના દુરુપયોગ મામલે પાલિકાએ પાંચ લાખનો દંડ ફટકાર્યો

**દંડની** રકમ નહીં ભરાય તો વેરાબિલમાં ઉમેરીને વસૂલાત કરવામાં આવશે






(પ્રતિનિધિ) વડોદરા તા.8

શહેરના સમા વિસ્તારમાં વડોદરા મહાનગરપાલિકા દ્વારા વિકસાવવામાં આવેલા ‘ફળ વન’ પ્લોટને નુકસાન પહોંચાડવાનો મુદ્દો ફરી એકવાર ચર્ચામાં આવ્યો છે. પાલિકાના પાર્ક્સ એન્ડ ગાર્ડન વિભાગ દ્વારા સરસ્વતી વિદ્યાલયને ફળ વનને થયેલા નુકસાન બદલ રૂ. 5 લાખનો દંડ ફટકારવામાં આવ્યો છે, જેની વસૂલાત માટે તંત્ર દ્વારા કડક વલણ અપનાવવામાં આવ્યું છે.

મળતી માહિતી મુજબ, ટીપી-12 અને એફપી-203 ખાતે પાલિકાની માલિકીના પ્લોટમાં પર્યાવરણની જાળવણી અને સ્થાનિકોને શુદ્ધ હવા મળી રહે તે હેતુથી ‘ફળ વન’ તૈયાર કરવાનું આયોજન કરવામાં આવ્યું હતું. જોકે, આ જગ્યાનો ઉપયોગ મૂળ હેતુને બદલે ગેરકાયદેસર રીતે ક્રિકેટ ગ્રાઉન્ડ તરીકે કરવામાં આવતો હોવાનું સામે આવ્યું છે. આરોપ છે કે અહીં વૃક્ષોને નુકસાન પહોંચાડીને મેદાન તૈયાર કરવામાં આવ્યું છે.

પાલિકાએ અગાઉ પણ સરસ્વતી વિદ્યાલયને અનેક પત્રો લખી દંડની રકમ ભરવા જાણ કરી હતી, પરંતુ શાળા દ્વારા હજુ સુધી રકમની ચૂકવણી કરવામાં આવી નથી. આથી, પાલિકાએ હવે ‘રિમાઈન્ડ નોટિસ’ પાઠવીને ચેતવણી આપી છે કે જો તાત્કાલિક દંડ નહીં ભરાય તો વેરાબિલમાં રકમ ઉમેરવા અથવા અન્ય કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.

સ્થાનિકોએ આક્ષેપ કર્યો હતો કે પાલિકાના ચોપડે વૃક્ષો ઉગાડવા માટે મોટી ગ્રાન્ટો ફાળવવામાં આવે છે, પરંતુ જમીન પર સ્થિતિ કંઈક અલગ જ છે. તેમણે જણાવ્યું કે, “ફળ વન બનાવવાનો મુખ્ય ઉદ્દેશ્ય સ્થાનિકોને ગ્રીન વાતાવરણ અને ઓક્સિજન મળે તે હોવો જોઈએ, પરંતુ અહીં બધું માત્ર કાગળ પર જ હોય તેમ લાગે છે. જવાબદાર અધિકારીઓ સામે પણ તપાસ થવી જોઈએ”

---

સત્તાધીશોના વિકાસના દાવા માત્ર કાગળ પર

# કલાલી વિસ્તારમાં ગટરના પાણી ઉભરાતા લોકોના આરોગ્ય અને સુરક્ષા સાથે ચેડાં

**સ્થાનિક** રહીશો, રાહદારીઓ અને વાહનચાલકોને હાલાકી



(પ્રતિનિધિ) વડોદરા તા.8

એક બાજુ વડોદરાને ‘સ્માર્ટ સિટી’ બનાવવાની વાતો કરવામાં આવી રહી છે, ત્યારે બીજી બાજુ શહેરના કલાલી વિસ્તારમાં તંત્રની ઘોર બેદરકારી સામે આવી છે. છેલ્લા કેટલાક સમયથી કલાલી વિસ્તારમાં ગટરો ઉભરાવાની સમસ્યાએ માઝા મૂકી છે. મુખ્ય માર્ગો પર વહેતા ગટરના ગંદા પાણીને કારણે સ્થાનિક રહીશો, રાહદારીઓ અને વાહનચાલકો ભારે હાલાકીનો સામનો કરી રહ્યા છે.

ગટરના ગંદા અને ચીકણા પાણી રસ્તા પર સતત વહેતા હોવાને કારણે ડામરના રસ્તાઓ અત્યંત લપસણા બની ગયા છે. જેના કારણે ટુ-વ્હીલર ચાલકો વાહન પરનો કાબૂ ગુમાવીને પટકાઈ રહ્યા છે. સ્થાનિકોના જણાવ્યા અનુસાર, દિવસ દરમિયાન અનેક નાના-મોટા અકસ્માતો સર્જાઈ રહ્યા છે, જેમાં વાહનચાલકોને ઈજાઓ પહોંચી રહી છે. કોઈ મોટી જાનહાનિ થાય તે પહેલા તંત્ર જાગે તેવી ઉગ્ર માંગ ઉઠી છે. સમગ્ર વિસ્તારમાં ગટરના પાણી ભરાઈ રહેવાથી અસહ્ય દુર્ગંધ ફેલાઈ રહી છે. આ ગંદકીના સામ્રાજ્ય વચ્ચે મચ્છરોનો ઉપદ્રવ પણ વધ્યો છે, જેને પગલે સ્થાનિક રહીશોમાં ડેન્ગ્યુ, મેલેરિયા જેવા જીવલેણ રોગચાળો ફાટી નીકળવાનો ભય સતાવી રહ્યો છે. બાળકો અને વૃદ્ધોના સ્વાસ્થ્ય સામે ગંભીર ખતરો ઊભો થયો છે.

સ્થાનિકોનો આક્ષેપ છે કે અનેકવાર રજૂઆતો કરવા છતાં વડોદરા મહાનગરપાલિકાનું તંત્ર ઘોર નિદ્રામાં હોય તેવું લાગી રહ્યું છે. વિકાસના કામો માત્ર કાગળ પર જ સીમિત હોય અને વાસ્તવિકતામાં પ્રજા નર્ક જેવી સ્થિતિમાં જીવવા મજબૂર બની હોય તેવો રોષ લોકો વ્યક્ત કરી રહ્યા છે.

## પાંચ દિવસ હવામાન શુષ્ક રહેશે, તાપમાન 17 ડીગ્રી નોંધાયું

(પ્રતિનિધિ) વડોદરા,તા.8

વડોદરા શહેરમાં બેવડી ઋતુનો અનુભવ થઈ રહ્યો છે. આગામી પાંચ દિવસ હવામાન શુષ્ક રહેશે. આગામી પાંચ દિવસ હવામાન શુષ્ક રહેશે. રવિવારે મહત્તમ તાપમાન 33 ડીગ્રી અને લઘુત્તમ તાપમાન 17 ડીગ્રી સાથે સવારે હવામાં ભેજનું પ્રમાણ 73 ટકા અને સાંજે 33 ટકા નોંધાયું હતું.

આ સાથે આગામી 13મી ફેબ્રુઆરી સુધીમાં તાપમાનમાં કોઈ મોટો બદલાવ થવાની શક્યતા નથી. 13મી સુધી હવામાન શુષ્ક રહેશે અને વરસાદની કોઈ શક્યતા નથી. રાજ્યમાં છેલ્લા કેટલાક દિવસોથી વાતાવરણમાં સતત ફેરફાર જોવા મળી રહ્યો છે. ક્યારેક કકડતી ઠંડી તો ક્યારેક બપોરે ગરમી અનુભવાઈ રહી છે. મિક્સ સીઝન હવે લોકોના સ્વાસ્થ્ય માટે જોખમી સાબિત થઈ રહી છે. વાતાવરણમાં આવેલા આ પલટાને કારણે વાયરલ ઈન્ફેક્શન, શરદી, ઉધરસ અને તાવના કેસોમાં વધારો જોવા મળી રહ્યો છે. જેના કારણે હોસ્પિટલો ઉભરાઈ રહી છે.

---

ખંડિયાઅમાદાર વિસ્તારમાં દીપડાના હુમલાની ચોંકાવનારી ઘટના

# જેતપુરપાવી પાસે દીપડાનો હુમલો - માતાનો આબાદ બચાવ, પુત્ર ગંભીર રીતે ઈજાગ્રસ્ત

**વન વિભાગ** દ્વારા તાત્કાલિક અને અસરકારક પગલાં લેવાય તેવી સ્થાનિકોની માંગ



(પ્રતિનિધિ) જેતપુરપાવી તા.8

છોટાઉદેપુર જિલ્લાના જેતપુરપાવી નજીક ખંડિયાઅમાદાર વિસ્તારમાં વન્ય પ્રાણી દીપડાના હુમલાની ચોંકાવનારી ઘટના સામે આવી છે. લગ્ન પ્રસંગ પૂર્ણ કરીને ઘરે પરત ફરી રહેલા માતા અને પુત્ર પર અચાનક દીપડાએ હુમલો કર્યો હતો. આ હુમલામાં પુત્ર રાઠવા જીજ્ઞેશ કુમાર કુલસીંગભાઈ ને ગંભીર ઈજાઓ પહોંચી હતી, જ્યારે તેમની માતાનો આબાદ બચાવ થયો હતો.ઘટનાને પગલે વિસ્તારમાં અફરાતફરી મચી ગઈ હતી.

આસપાસના લોકોએ તાત્કાલિક 108 ઈમરજન્સી સેવાને જાણ કરી હતી. ઈજાગ્રસ્ત જીજ્ઞેશભાઈને સારવાર માટે જેતપુરપાવી સામુહિક આરોગ્ય કેન્દ્ર ખાતે ખસેડવામાં આવ્યા હતા, જ્યાં પ્રાથમિક સારવાર બાદ તેમની હાલત ગંભીર હોવાથી વધુ સારવાર અર્થે બોડેલી ખાતે રીફર કરવામાં આવ્યા હતા. આ ઘટનાથી સમગ્ર વિસ્તારમાં ભયનો માહોલ ફેલાયો છે. છેલ્લા કેટલાક સમયથી વન્ય પ્રાણીઓની વધતી અવરજવર સામે આવી રહી હોવાથી વન વિભાગ દ્વારા તાત્કાલિક અને અસરકારક પગલાં લેવાય તેવી સ્થાનિકોની માંગ ઉઠી છે.

---

નેશનલ ટેસ્ટિંગ એજન્સીએ નોટિફિકેશન બહાર પાડ્યું

# 3 મે રવિવારે નીટ યુજીની પરીક્ષા યોજવામાં આવશે

(પ્રતિનિધિ) વડોદરા,તા.8

નીટ યુજી 2026ની પરીક્ષાની તારીખ જાહેર કરવામાં આવી છે. આગામી 3 મે ના રોજ પરીક્ષા યોજાશે. આ પરીક્ષા માટેનું નેશનલ ટેસ્ટિંગ એજન્સી દ્વારા નેશનલ એલિજિબિલિટી કમ એન્ટ્રન્સ ટેસ્ટ માટેનું રવિવારે નોટિફિકેશન જાહેર કરવામાં આવ્યું હતું.

નેશનલ ટેસ્ટિંગ એજન્સીએ નેશનલ એલિજિબિલિટી કમ એન્ટ્રન્સ ટેસ્ટ યુજી 2026 માટે નોટિફિકેશન બહાર પાડ્યું છે. ઉમેદવારો સત્તાવાર વેબસાઈટની મુલાકાત લઈને અરજી કરી શકે છે. ઉમેદવારો ક્રેડિટ/ડેબિટ કાર્ડ, નેટ-બેંકિંગ અથવા યુપીઆઈ દ્વારા ફી ચૂકવી શકે છે. ફીની ચુકવણી માટેની છેલ્લી તારીખ 8 મી માર્ચ રાત્રે 11:50 વાગ્યે છે. જો અરજીમાં કોઈ સુધારાની જરૂર હોય તો સુધારા




પ્રક્રિયા 10 મી માર્ચ, થી 12મી માર્ચ સુધી ઉપલબ્ધ રહેશે. પરીક્ષાની તારીખ ત્રીજી મે, 2026 છે અને તેનો સમયગાળો 3 કલાક રહેશે. પરીક્ષાનો સમય બપોરે 2:00થી સાંજે 5:00 વાગ્યા સુધીનો છે. નીટ યુજીની પરીક્ષા દેશભરની 13 ભાષાઓમાં લેવામાં આવશે. આ ભાષાઓમાં આસામી, બંગાળી, અંગ્રેજી, ગુજરાતી, હિન્દી, કન્નડ, મલયાલમ, મરાઠી, ઉડિયા, પંજાબી, તમિલ, તેલુગુ અને ઉર્દૂનો સમાવેશ થાય છે.

---

ખોડિયાર ડેરી પાસે પાલિકાની ઘોર બેદરકારી

# સ્માર્ટ સિટીની પોલ ખૂલી, ઉનાળાના આરંભે જ વોર્ડ નં. 11માં પીવાના શુદ્ધ પાણીની રેલમછેલ

**એકતરફ** ગરમીની શરૂઆતમાં પ્રજા પાણી માટે વલખાં મારે છે, બીજી તરફ તંત્રના પાપે પાણીનો વેડફાટ



(પ્રતિનિધિ) વડોદરા. તા.8

સ્માર્ટ સિટી વડોદરામાં વહીવટી તંત્રની બેદરકારીનો વધુ એક ઉત્તમ નમૂનો વોર્ડ નંબર 11 માં જોવા મળ્યો છે. ખોડિયાર ડેરી વિસ્તારમાં પીવાના પાણીની લાઈનમાં લીકેજ સર્જાતા હજારો લીટર શુદ્ધ પીવાનું પાણી રસ્તા પર વહી જતા સ્થાનિક રહીશોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે.

હાલમાં શિયાળો વિદાય લઈ રહ્યો છે અને શહેરમાં ગરમીનો પારો ધીમે ધીમે ઊંચકાઈ રહ્યો છે. ઉનાળાની શરૂઆતમાં જ શહેરના અનેક વિસ્તારોમાં ઓછા પ્રેશરથી પાણી મળવાની ફરિયાદો ઉઠી રહી છે અને લોકો પીવાના પાણી માટે વલખાં મારી રહ્યા છે. તેવા સમયે વોર્ડ નં. 11 માં પાલિકાના અધિકારીઓની નિષ્કાળજી અને સમયસર મેન્ટેનન્સના અભાવે ચોખ્ખું પાણી ગટરમાં વહી રહ્યું છે.

સ્થાનિકોના જણાવ્યા અનુસાર, આ લીકેજને કારણે રસ્તા પર પાણીની નદીઓ વહેતી થઈ ગઈ હતી. જળ એ જ જીવન ના સૂત્રો તો માત્ર દિવાલો પર જ સારા લાગે છે, પરંતુ વાસ્તવિકતામાં પાલિકા તંત્ર પાણી બચાવવા પ્રત્યે ગંભીર નથી તેવું આ દ્રશ્યો પરથી સ્પષ્ટ થાય છે. સ્માર્ટ સિટીના દાવાઓ વચ્ચે પાયાની સુવિધાઓમાં જાળવણીનો અભાવ પ્રજા માટે મુસીબત બની રહ્યો છે.

જાગૃત નાગરિકોની માંગ છે કે પાલિકાનું તંત્ર તાત્કાલિક ધોરણે આ લીકેજ રિપેરીંગ કરે અને જવાબદાર અધિકારીઓ સામે પગલાં લે, જેથી ભવિષ્યમાં આવી રીતે પાણીનો બગાડ અટકાવી શકાય.

---

3 માર્ચે હોલિકા દહન અને 4 માર્ચે ધૂળેટી: ગ્રહણને કારણે પાણીથી હોળી રમવાનું ટાળવું, 17 મિનિટ સુધી રહેશે પૂર્ણ ખગ્રાસની સ્થિતિ

# 500 વર્ષ બાદ હોળી પર ‘ખગ્રાસ ચંદ્રગ્રહણ’નો મહાસંયોગ

(પ્રતિનિધિ) વડોદરા તા.8

આ વર્ષે હોળીનો તહેવાર ભક્તિ અને ખગોળીય ઘટનાઓના અનોખા સંગમ સાથે આવી રહ્યો છે. જ્યોતિષશાસ્ત્ર અનુસાર, આશરે 500 વર્ષ બાદ હોળીના પર્વ પર ‘ખગ્રાસ ચંદ્રગ્રહણ’નો દુર્લભ સંયોગ સર્જાઈ રહ્યો છે. આગામી 3 માર્ચના રોજ હોલિકા દહન અને 4 માર્ચના રોજ ધૂળેટીની ઉજવણી કરવામાં આવશે. આ ગ્રહણ ખાસ કરીને અમુક રાશિઓ માટે ભાગ્યોદય સમાન સાબિત થશે.



જ્યોતિષી ગજરાજ શાસ્ત્રીજી ના જણાવ્યા અનુસાર, 2 માર્ચના રોજ સાંજથી ભદ્રાકાળ શરૂ થશે, જે 3 માર્ચના રોજ વહેલી સવારે 4:28 વાગ્યા સુધી રહેશે. આ વર્ષે ભદ્રા પૃથ્વીલોક પર હોવા છતાં, પ્રદોષ કાળમાં હોલિકા પૂજન અને દહન શાસ્ત્રસંમત અને શ્રેષ્ઠ માનવામાં આવે છે. વડોદરાના દેવસ્થાનો સહિત વૃંદાવન, મથુરા અને ગોકુળમાં હોળીના પૂજનનું વિશેષ મહત્વ હોવાથી શ્રદ્ધાળુઓની ભારે ભીડ જોવા મળશે.

4 માર્ચ ધૂળેટી ના દિવસે ચંદ્રગ્રહણ બપોરે 3:19 વાગ્યે શરૂ થશે અને સાંજે 6:47 વાગ્યે પૂર્ણ થશે. આ દરમિયાન અંદાજે 17 મિનિટ સુધી ‘પૂર્ણ ખગ્રાસ’ની સ્થિતિ જળવાઈ રહેશે. ગ્રહણના 12 કલાક પહેલા સૂતક કાળ શરૂ થઈ જતો હોવાથી આ દરમિયાન પૂજા-પાઠ અને શુભ કાર્યો વર્જિત માનવામાં આવે છે. જોકે, મંત્ર સાધના અને ગુરુ મંત્રના જાપ માટે આ સમય સર્વોત્તમ માનવામાં આવે છે.

ગ્રહણના પ્રભાવને ધ્યાનમાં રાખીને જ્યોતિષીઓએ સલાહ આપી છે કે આ વર્ષે પાણીવાળા રંગોથી હોળી રમવાનું ટાળવું જોઈએ. માત્ર સૂકા રંગો અથવા ગુલાલથી હોળી રમવી હિતાવહ છે. શાસ્ત્રીય નિયમો અનુસાર સાવચેતી સાથે હોળી રમવાથી પર્વની આસ્થા જળવાઈ રહે છે અને કોઈ ગ્રહણ દોષ લાગતો નથી.



### 4 રાશિઓ માટે ‘સુવર્ણકાળ’ નસીબના ખુલી જશે દરવાજા

આ ચંદ્રગ્રહણ નીચેની રાશિઓ માટે અત્યંત શુભ ફળદાયી રહેશે:

**વૃષભ રાશિ:** અટકેલા કાર્યો પૂર્ણ થશે અને રોકાણમાંથી મોટો આર્થિક લાભ મળવાની શક્યતા છે. નોકરીમાં પ્રમોશનના યોગ.

**મિથુન રાશિ:** કરિયરમાં મોટું પરિવર્તન આવશે. કાર્યસ્થળ પર માન-સન્માન વધશે અને વેપારીઓ માટે આ સમય નફાકારક રહેશે.

**મકર રાશિ:** ધનલાભ સાથે સ્થિરતા મળશે. સરકારી કે વહીવટી ક્ષેત્રે જોડાયેલા લોકોને વિશેષ સફળતા પ્રાપ્ત થશે.

**મીન રાશિ:** આત્મવિશ્વાસમાં વધારો થશે અને પારિવારિક જીવન સુખદ રહેશે. સામાજિક પ્રતિષ્ઠામાં વધારો થશે.

---

પોશ વિસ્તારમાં ‘સ્માર્ટ’ બેદરકારીને પગેલ હજારો લિટર જળ વહી ગયું!

# અલકાપુરીમાં એક જ રસ્તા પર ત્રણ જગ્યાએ પાણીની લાઈનમાં ભંગાણ

**ભાજપના** નેતાના ઘર પાસે જ પાણીની નદી વહી

(પ્રતિનિધિ) વડોદરા તા.8

એક તરફ વડોદરા મહાનગરપાલિકા સ્માર્ટ સિટીના બણગા ફૂંકી રહી છે, ત્યારે બીજી તરફ શહેરના સૌથી પોશ ગણાતા અલકાપુરી વિસ્તારમાં તંત્રની ઘોર બેદરકારી સામે આવી છે. અલકાપુરીની કુંજ સોસાયટી પાસે પીવાના પાણીની મુખ્ય લાઈનમાં એક નહીં, પરંતુ એક જ રસ્તા પર ત્રણ અલગ-અલગ જગ્યાએ મોટા ભંગાણ સર્જાયા છે. જેના કારણે હજારો લિટર ચોખ્ખું પાણી રસ્તા પર વહી રહ્યું છે.



સ્થાનિકોના જણાવ્યા અનુસાર, આ ભંગાણ ભાજપના અગ્રણી નેતા ગોપી તલાટીના નિવાસસ્થાનની નજીક જ સર્જાયું છે. સ્થાનિક રહીશોએ આ અંગે નેતાજીને પણ જાણ કરી છે અને વડોદરા મહાનગરપાલિકાની સંબંધિત વોર્ડ ઓફિસમાં વારંવાર રજૂઆતો કરવામાં આવી છે. તેમ છતાં, પાલિકાના અધિકારીઓના પેટનું પાણી હલતું નથી. સ્થાનિકોએ આક્ષેપ કર્યો છે કે અધિકારીઓ પોતાની મસ્તીમાં મસ્ત છે અને જનતાના ટેક્સના પૈસા પાણીની જેમ વેડફાઈ રહ્યા છે. શહેરના અનેક વિસ્તારોમાં જ્યારે ઉનાળાની શરૂઆત પહેલા જ પાણીની તંગી વર્તાઈ રહી છે, ત્યારે આટલા મોટા પ્રમાણમાં પીવાના પાણીનો વેડફાટ જોઈને રહીશોમાં ભારે આક્રોશ જોવા મળી રહ્યો છે.

અલકાપુરી વિસ્તારના જાગૃત નાગરિકોએ માંગ કરી છે કે પાલિકાના ઉચ્ચ અધિકારીઓ તાત્કાલિક સ્થળ વિઝિટ કરે અને યુદ્ધના ધોરણે આ લાઈનનું સમારકામ કરાવે. જો આગામી સમયમાં આ સમસ્યાનો ઉકેલ નહીં આવે, તો સ્થાનિકો દ્વારા ઉગ્ર આંદોલનની ચીમકી પણ ઉચ્ચારવામાં આવી છે.